**<u>અમદાવાદનાં મહે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૭માં,અમદાવાદ</u>**

**ક્રિ.કેસ નં.૩૯૧૧/૨૦૨૦**

## <u>આંક–૧ લગત હુકમ</u>

**(૧) આ કામે આજ રોજ લોકઅદાલતમાં ફરીયાદીની પુરસીસ વંચાણે લીધી. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને સદર કેસમાં કોઈ રસ નથી અને આરોપી સાથે સમાધાન કરવા માંગે છે અને કેસ આગળ ચલાવવા માંગતા નથી અને કેસ માંડવાળ કરવા માંગે છે, તેવું પુરસીસથી જાહેર કરેલ છે.**

**(૨) આમ સદર કામે ફરીયાદીની પુરસીસ વંચાણે લીધી. કેસનાં રેકર્ડનો અભ્યાસ કર્યો. સદર કામનાં આરોપી વિરુધ્ધ ઈ.પી.કોડની કલમઃ૩૭૯, મુજબનાં ગુનાનું ચાર્જસીટ થયેલ છે. આરોપી હાજર નથી પરંતુ ફરીયાદી હાજર છે અને તેઓ કેસ માંડવાળ કરવા માંગે છે અને કેસ આગળ ચલાવવા માંગતા નથી. આથી ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૨૦ ની જોગવાઈઓ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનાં તા.૦૫/૦૭/૨૦૧૬ નાં સરકયુલર નં.સી.૨૬૧૯/૨૦૧૬ ને ધ્યાનમાં લેતા તેમજ ૨૦૦૮ ક્રિ.લો.જ. પેજ નં.૯૨૮ વાય.પી. બેજુ વિ.સ્ટેટ ઓફ કેરાલાનાં ચુકાદો માનસહ ધ્યાને લેતા આ કામનાં આરોપીની ગેરહાજરીમાં પણ ફરીયાદી ગુનાની માંડવાળ કરી શકે છે. જેથી ફરીયાદીની માંડવાળ કરવાની પુરસીસ ગ્રાહય રાખીને નીચે મુજબનો હુકમ કરવમાં આવે છે.**

## <u>–::હુકમ::–</u>

**(૧) આથી આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૨૦(૧)(૮) અન્વયે ઈ.પી.કોડની કલમઃ૩૭૯, મુજબનાં ગુનામાંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

**(૨) મુદામાલ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

**૧.આ કામનો મુદામાલ અગાઉ કોર્ટનાં હુકમથી વચગાળાનાં સમય માટે ફરીયાદીને પરત સોંપવામાં આવેલ તે હુકમ કાયમ કરવામાં આવે છે. હુકમની શરતો રદ ગણવી.**

**હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**સ્થળઃ અમદાવાદ**
**તા.૦૮ /૦૨ /૨૦૨૦**

**(બરકતખાન એચ.ઘાસુરા)**
**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧૭, અમદાવાદ.**
**કોડ નં.જી.જે.૦૦૯૮૩**